# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

**************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઝારખંડના જમશેદપુરમાં સંથાલી ભાષાની ઓલ ચીકી લિપિના શતાબ્દી ઉજવણીના સમાપન સમારોહનું ઉદ્ઘાટન કર્યું
2. સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યાના પોતાના આદેશ પર સ્ટે મૂક્યો.
3. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે એક દિવસની સત્તાવાર મુલાકાતે પુડુચેરી પહોંચ્યા
4. ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી સહિતના ઉત્તર ભારતના વિસ્તારોમાં ટ્રેન અને હવાઇ સેવા પર અસર.
5. મેક્સિકોમાં પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરી જતાં 13 લોકોના મોત
6. 17મી જુનિયર રોલ બોલ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ આજથી જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં શરૂ થશે

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PRESIDENT - JAMSHEDPUR VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ઝારખંડના પૂર્વ સિંહભૂમ જિલ્લામાં જમશેદપુરના કરંડીહ વિસ્તારમાં સંથાલી ભાષાની ઓલ ચીકી લિપિના શતાબ્દી ઉજવણીના સમાપન સમારોહનું ઉદ્ઘાટન કર્યું.

આ કાર્યક્રમ દરમિયાન , રાષ્ટ્રપતિએ ઓલ ચીકી લિપિના પિતા પંડિત રઘુનાથ મુર્મુને શ્રદ્ધાંજલિ પણ આપી.

. . . . . . . . . . .

# SC-ARAVALLI (EARLY)

સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા પરના પોતાના આદેશ પર સ્ટે આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે નિષ્ણાતોનો પેનલ રિપોર્ટ માંગ્યો છે. આજે પોતાના ચુકાદામાં અદાલતે કહ્યું કે, અગાઉ મંજૂર કરાયેલી વ્યાખ્યાઓ પર સ્પષ્ટતા જરૂરી છે.

. . . . . . . . . . . . . . . . . .

# VP-PUDUCHEERY VISIT-1

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું કે પુડુચેરી એક ગૌરવપૂર્ણ શહેર છે જેણે સદીઓથી વિશ્વને ફક્ત દેશની પ્રાચીન સભ્યતા જ નહીં પરંતુ પ્રેમ અને સમાવેશકતાના સ્થાયી મૂલ્યોનો પણ સંદેશ આપ્યો છે. તેઓ ઉપરાષ્ટ્રપતિ તરીકે કેન્દ્રશાસિત પ્રદેશની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન પુડુચેરીમાં સંબોધન કરી રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે પુડુચેરીએ તેની સાંસ્કૃતિક શ્રેષ્ઠતાને કાળજીપૂર્વક જાળવી રાખી છે , શહેરી વિકાસ પ્રત્યે કેન્દ્રની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા , ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના તમિલ પ્રત્યેના ઊંડા પ્રેમને કારણે, તમિલનાડુ અને પુડુચેરી એવા રાજ્યોમાં શામેલ છે જેમને સ્માર્ટ સિટી મિશન હેઠળ મોટી સંખ્યામાં પ્રોજેક્ટ્સ પ્રાપ્ત થયા છે.

# VP-PUDUCHEERY VISIT-2

પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાશનાથન , મુખ્યમંત્રી એન. રંગાસ્વામી , વિધાનસભાના અધ્યક્ષ આર. સેલ્વમ , મંત્રીઓ, સંસદસભ્યો અને વિધાનસભાના સભ્યોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન , ઉપરાષ્ટ્રપતિએ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ કુમારગુરુપલ્લમના રહેવાસીઓને ઘરની ચાવીઓનું વિતરણ કરી તેમની સાથે વાતચીત પણ કરી હતી.

વિશેષ સંબોધન કરતા , ઉપાધ્યક્ષ કે. કૈલાશનાથને કહ્યું કે દેશના યુવાનો ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનને એક આદર્શ તરીકે જુએ છે અને આશા વ્યક્ત કરી કે તેમનો કાર્યકાળ ભારતીય લોકશાહી માટે સુવર્ણકાળ તરીકે સેવા આપશે. સભાને સંબોધતા, મુખ્યમંત્રી એન. રંગાસ્વામીએ કહ્યું કે ઉપરાષ્ટ્રપતિએ પુડુચેરીના વિકાસ માટે મૂલ્યવાન સમર્થન આપ્યું છે અને કેન્દ્રશાસિત પ્રદેશની પ્રગતિને આગળ વધારવામાં એક મજબૂત સ્તંભ રહ્યા છે.

બાદમાં ઉપરાષ્ટ્રપતિએ પુડુચેરીના ઇશ્વરન કોઇલ સ્ટ્રીટ ખાતે મહાકવિ ભારતિયાર મેમોરિયલની મુલાકાત લીધી હતી અને ભારતિયરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

. . . . . . . . . . . .

# CHAMAULI – STATE FARMER'S DAY

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના ગૌચરમાં રાજ્ય સ્તરીય ખેડૂત દિવસ કાર્યક્રમમાં ભાગ લેશે.

અગાઉ, ગઈકાલે રાજ્યના કૃષિ મંત્રી ગણેશ જોશીએ સ્થળ પરની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. શ્રી જોશીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ખેડૂતો સાથે સીધી વાતચીત માટે એક મંચ પૂરું પાડશે. કાર્યક્રમનું રાજ્યના તમામ 95 વિકાસ બ્લોકમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

## VIKSIT BHARAT G RAM G ACT

વિકાસ ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી: વિકાસ ભારત- જી રામ કાયદાથી મોટાભાગના રાજ્યોને છેલ્લા સાત વર્ષના સરેરાશ ફાળવણીની તુલનામાં 17 હજાર કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થવાની સંભાવના છે. આ કાયદાએ વીસ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા, 2005નું સ્થાન લીધું છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના સંશોધન અહેવાલ મુજબ, આ કાયદાથી રાજ્યોને એકંદર ભંડોળ વિતરણમાં સુધારો થશે.

અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે, વિકાસ ભારત G-RAM G માળખા દ્વારા અગાઉના મનરેગાનું પુનર્ગઠન પરિવર્તનશીલ પ્રથાઓ અને વ્યૂહરચનાઓને એકીકૃત કરવાનો પ્રયાસ કરે છે. સ્પર્ધાત્મક પ્રોજેક્ટ ઓળખ, ઉત્પાદક સંપત્તિ સર્જન, વધેલી આવક ઉત્પન્ન અને કાર્યક્ષમ દેખરેખ પદ્ધતિ સંબંધિત પડકારોને પહોંચી વળવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

SBIના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. સૌમ્ય કાંતિ ઘોષ દ્વારા લખાયેલ અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે વિકાસ ભારત - જી રામ કાયદાનો હેતુ તમામ સ્તરે રોજગાર નિર્માણ, પારદર્શિતા, આયોજન અને જવાબદારીને મજબૂત બનાવતી વખતે માળખાકીય નબળાઈઓને દૂર કરવાનો છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.............

# FOG-TRAVEL IMPACT

ઉત્તર ભારતના ઘણા ભાગોમાં ગાઢ ધુમ્મસના કારણે ફ્લાઇટ અને ટ્રેન સંચાલન ખોરવાયું છે. દિલ્હી રેલવે વિભાગના જણાવ્યા અનુસાર , દિલ્હી જતી લગભગ 18 ટ્રેનો ત્રણ કલાકથી વધુ મોડી ચાલી રહી છે. હવામાનને કારણે હવાઈ મુસાફરી પર પણ અસર પડી છે. દિલ્હી એરપોર્ટ મુજબ , ધુમ્મસવાળા વાતાવરણને કારણે આજે 64 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે.

આ દરમિયાન , નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મુસાફરોને એરલાઇન્સ દ્વારા અપાતી સત્તાવાર માહિતી સાથે અપડેટ રહેવા વિનંતી કરી છે. એર ઇન્ડિયા , ઇન્ડિગો અને સ્પાઇસજેટ સહિતની એરલાઇન્સે મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઇટની સ્થિતિ તપાસવાની સલાહ આપી છે. તેમણે મુસાફરોને એરપોર્ટ પર આગમન અને ચેક-ઇન પ્રક્રિયાઓ માટે વધારાનો સમય રાખવા અને તે મુજબ તેમની મુસાફરીનું આયોજન કરવા પણ કહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# SRI LANKA - EMERGENCY

શ્રીલંકામાં દિટવાહ ચક્રવાતના પગલે  રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે એક મહિના પહેલા જાહેર કરાયેલી જાહેર કટોકટીને લંબાવી છે.

રાષ્ટ્રપતિના સચિવ દ્વારા "જાહેર વ્યવસ્થાનું રક્ષણ અને સમુદાયના જીવન માટે જરૂરી પુરવઠા અને સેવાઓની જાળવણી" સુનિશ્ચિત કરવા માટે એક મહિનાનો વધારો સૂચિત કરતું ગેઝેટ જારી કરવામાં આવ્યું હતું.

બચાવ અને રાહત સહાય પહોંચાડવા માટે સૈન્ય સહિત તમામ રાહત એજન્સીઓનું સંકલન કરવા માટે કટોકટીની જાહેરાત કરવામાં આવી હતી. કટોકટીના આદેશ હેઠળ મીડિયા સહિત પંદર વિવિધ સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે સમાવવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# MEXICO TRAIN DERAIL

મેક્સિકોમાં સેલિના ક્રુઝ-કોઆત્ઝાકો આલ્કોસ રૂટ પર એક પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરી જતાં ૧૩ લોકો માર્યા ગયા અને ૯૮ ઘાયલ થયા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર , ટ્રેનમાં લગભગ ૨૫૦ મુસાફરો હતા. મેક્સિકન નૌકાદળે બચાવ કામગીરી માટે ૩૬૦ કર્મચારીઓ , એમ્બ્યુલન્સ, હવાઈ સહાય, વાહનો અને ડ્રોન તૈનાત કર્યા છે અને અકસ્માતના કારણની તપાસ કરી રહી છે. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે અધિકારીઓને તબીબી સહાય પૂરી પાડવાનો આદેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . .

# AP TRAIN ACCIDENT

આંધ્રપ્રદેશના અનાકાપલ્લી જિલ્લાના યલામાંચીલી રેલ્વે સ્ટેશન પર રવિવારે રાત્રે ટાટાનગર-એર્નાકુલમ એક્સપ્રેસના બે કોચમાં આગ લાગી હતી. આગમાં ગંભીર રીતે દાઝી ગયેલા એક વૃધ્ધનું મોત નિપજ્યુ હતું.

આગની જ્વાળાઓ જોયા બાદ લોકો પાયલોટે સ્ટેશન પર ટ્રેન રોકી દીધી. દક્ષિણ મધ્ય રેલ્વેએ પુષ્ટિ આપી કે , એર્નાકુલમ એક્સપ્રેસ ટ્રેનના કોચ બી- 1 માં આગ લાગી હતી. ત્યારબાદ રેલ્વે સ્ટાફે બાકીના કોચને ટ્રેનમાંથી અલગ કરી દીધા. ટ્રેન જમશેદપુરથી કેરળના એર્નાકુલમ જઈ રહી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K CHAMPIONSHIP

17મી જુનિયર રોલ બોલ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ આજથી જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં શરૂ થશે. આ ચેમ્પિયનશિપમાં 26 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશના મળી લગભગ 600 ખેલાડી અને અધિકારીઓએ ભાગ લેશે.

રાષ્ટ્રીય સ્તરના આ આયોજનનો ઉદેશ્ય યુવાઓમાં રોલ બોલને પ્રોત્સાહન આપવાનો અને પ્રદેશમાં રમતગમત સંસ્કૃતિને મજબૂત બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DELHI POLICE - NEW YEAR

નવા વર્ષની ઉજવણી પહેલા , દિલ્હી ટ્રાફિક પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને નશો કરીને વાહન ચલાવવાથી થતા અકસ્માતોને રોકવા માટે અમલીકરણના પગલાં વધુ તીવ્ર બનાવ્યા છે.

વરિષ્ઠ અધિકારીઓ વ્યક્તિગત રીતે અમલીકરણ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી રહ્યા છે, અને સંવેદનશીલ સ્થળોએ વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. આ સઘન તપાસ દરમિયાન , તીવ્ર ગતિથી ચાલતા વાહનો માટે લગભગ 14 હજાર ઇ-ચલણ અને રેડ લાઇટ જમ્પિંગ માટે પાંચ હજારથી વધુ ઇ-ચલણ જારી કરવામાં આવ્યા હતા.

દિલ્હી પોલીસે તમામ નાગરિકોને જવાબદારીપૂર્વક ઉજવણી કરવા , નશો કરીને વાહન ચલાવવાનું ટાળવા, ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને ફરજ પરના પોલીસ કર્મચારીઓને સહકાર આપવા અપીલ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# STOCKS-1200

ભારતીય શેરબજારમાં આજે બપોરના કારોબાર દરમિયાન બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી, લગભગ 0.3 ટકાના ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા હતા.

છેલ્લા અહેવાલો મુજબ , સેન્સેક્સ 300 પોઈન્ટ ઘટીને 84,742 પર , જ્યારે નિફ્ટી 84 પોઈન્ટ ઘટીને 25,958 પર ટ્રેડ કરી રહ્યા હતા. ક્ષેત્રીય મોરચે , મોટાભાગના ક્ષેત્રોમાં નબળાઈ ચાલુ રહી , જેમાં યુટિલિટીઝ, આઇટી અને પાવર સૌથી વધુ ખેંચાયા. તેનાથી વિપરીત , મેટલ, કોમોડિટીઝ અને ટેલિકોમ્યુનિકેશન આઉટપર્ફોર્મિંગ કરી રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .